

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અસમંજસથી તંત્ર આખું યે વિંખાઇ ગયું છે!*
*બાળકોનાં બલિ બીકે, વ્હાલપ ચિખાઇ ગયું છે...*
*'ફી'ની જ ફિરાકમાં બેઠી છે બિલાડી ટ્રસ્ટીઓની -*
*શ્વાનોથી શિક્ષણનું કબૂતર પિંખાઇ ગયું છે...*
*(તંત્ર અને ટ્રસ્ટીઓની મિલિભગતમાં બાળખોનો ખો)*

### હાઈકુ

*કરો સાહસ*
*હાજરીના હવને -*
*જાત જોખમે -*
*(મારો કૂદકો - બાળકોને ધો ધક્કો)*

*અમે તો માત્ર*
*ડુગડુગી વગાડી*
*જોશું તમાસો...!!*
*(અમારી જવાબદારી નહીં - શાળા શરૂ કરી દીધી)*

### ચિંતન

**કામાન્ય: કામયતે મન્યમાન: સ કામભિર્જાયતે તત્ર તત્ર ।**
**પર્યાપ્તકામસ્ય કૃતાત્મનસ્તુ ઈહૈવ સર્વે પ્રવિલીયંતિ કામા ॥**

**ઉપરોક્ત શ્લોક મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**વિષયભોગની ઈચ્છા કરીને કાયમ તેની જ ચિંતા કરનારા માણસ એવા વિષય ભોગ જ્યાં મળે ત્યાં જન્મ્યા કરે છે, પણ જેમની કામનાઓ શમી ગઈ છે ને આત્માને ઓળખીને શાંત છે, તેઓ આ જીવનમાં જ મોક્ષ અનુભવે છે. માણસને કંઈ પણ વિચાર આવતાં જ તે એમાં ખોવાઈ જાય છે, ને પછી ભૂલી જવાય છે કે પોતે તો સાક્ષી છે, માત્ર જોનારો છે. પછી એ વિચારક બની જાય છે. આપણી મૂળ અવસ્થા સાક્ષીની છે, આત્મસ્વરુપની છે. પરંતુ મનમાં વિચારો ઊભા થતાં જ માણસ વિચારક બની રહે છે, જાતજાતના ઘોડા ઘડે અને તે પછી આવે છે કર્તાની અવસ્થા.**

**શ્રી રજનીશ કહે છે તેમ સાક્ષીભાવવાળી વ્યક્તિ સાચા અર્થમાં ધાર્મિક છે, આધ્યાત્મિક છે. વિચારક વ્યક્તિ તત્ત્વજ્ઞાની છે, અને કર્તાભાવ - વાળી વ્યક્તિ, કર્મમાં વ્યસ્ત વ્યક્તિ, સંસારી છે. રાજનીતિ વાળી છે, આમ દરેકના ચિત્તની આ ત્રણ અવસ્થા છે.**

### સુવિચાર

- આરોપિત ભાવ એ કર્મ અને ભોગવટો તે કર્મફળ, આરોપિત ભાવને જ અહંકાર કહે છે - **આપ્તસૂત્ર**
- પછીથી આવનારી તમામ ઈચ્છાઓ સંતોષવા કરતાં પહેલી ઈચ્છાને દબાવવાનું સહેલું છે - **ફ્રેંકલીન**
- જે જીવન ગુમાવવાથી ડરતો નથી તેના કાબુમાં જીવન રહે છે - **સંત ઓગસ્ટિન**
- જેની પાસે પૈસા છે તે પણ પૈસાની જ ચિંતા કરતો જોવા મળે છે અને જેની પાસે કશું જ નથી તે પણ પૈસાની જ ચિંતા કરતા હોય છે - **એલ્બર્ટ હુબાર્ડ**
- વિશ્વને ગંદુ ન કરશો કેમ કે તમે તમારાં ચશ્મા સાફ કરવાનું વિસરી ગયા છો - **વ્હિટમેન**
- નિયમો શીખનારના માર્ગ ને લાંબો કરે છે, દૃષ્ટાંતો એને ટૂંકો અને સફળ બનાવે છે - **સેનેકા**
- આજનું ઔષધ : દસેક ગ્રામ ફટકડી પાણીમાં ઓગાળી એક એક ચમચી દારુડિયાને પીવડાવવાથી દારૂનો નશો તરત ઉતરી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બુદ્ધના પ્રભાવને જોઈને મહર્ષિ ભારદ્વાજના એક નિકટના સંબંધીએ બૌદ્ધ ધર્મની દીક્ષા અંગિકાર કરી. ભારદ્વાજને આ વાતની ખબર પડી. તેઓ ક્રોધાવેશમાં બુદ્ધને મળવા પહોંચ્યા. અને અતિ કઠોર વચનોનો વરસાદ વરસાવ્યો.

ભગવાન બુદ્ધ તો મૌન રહ્યા. છેવટે ભારદ્વાજ થાક્યા અને ચૂપ થયા. ત્યારે તેમને બુદ્ધે કહ્યું, 'મહારાજ, તમારે ત્યાં કોઈ મહેમાન આવે અને તમે જાતજાતનાં પકવાન ભોજનમાં પીરસો, પણ પેલો મહેમાન તેનો સ્વીકાર ન કરે તો તમે શું કરો?'

ભારદ્વાજે કહ્યું, 'સ્વીકાર ન કરે તો એ પકવાન રસોડામાં પાછા લઈ જવા પડે! કોઈને પરાણે થોડું ખવડાવી શકાય?' બુદ્ધે કહ્યું, 'આપ મહાનુભાવે જે કઠોર વચનો આપે મને કહ્યા તેનો હું સ્વીકાર નથી કરતો. તમારી જેમ મેં પણ ક્રોધ કરીને તમને સામાં કઠોર વચનો કહ્યાં હોત તો, તમારી ભેટ નો મેં સ્વીકાર કર્યા ગણાત પરંતુ હું એક શબ્દ પણ બોલ્યો નથી. એટલે મને આપેલી પેટ પેલા પકવાનની જેમ તમારી પાસે જ રહી.'

બુદ્ધની સહિષ્ણુતાની ભારદ્વાજ પર એટલી ઊંડી અસર પડી કે પછી તેમણે પણ ભગવાન બુદ્ધની દિક્ષા સ્વીકારી તેમના શિષ્ય બન્યા.

# કોરોના સામે વધુ આક્રમક રૂખ અપનાવવું જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાના વધુ ભયાનક તબક્કામાં પ્રવેશ્યા પછી અમદાવાદીઓ ડાહ્યા બની ગયા હોવાનું તારણ જયારે પોલીસ અને પ્રશાસન તરફથી આવે ત્યારે જરૂર થોડી કળ વળે છે. મહામારીની સામે ઢાલ ધરવા સિવાય પ્રશાસન તો બીજું કરી પણ શું શકે? આંકડા ઓછા કરવાથી તો ઊલટાની પ્રજા બેફિકરાઈથી જીવવા લાગી હતી. સાચા કેટલા એ તો એક પ્રશાસન જાણે છે અને બીજો સર્વશક્તિમાન ઈશ્વર - પરંતુ ચોવીસ કલાકના સમયમાં ૧૫૧૫નો આંકડો એ અત્યાર સુધીનો વિક્રમ તો છે જ. કોરોના નવા વિક્રમો સ્થાપે એ પહેલાં ગુજરાતે જાગવાની જરૂર છે. જગાડવા માટે કરફ્યુ જેવાં કડક પગલાં ભરવાની ફરજ પડી તે જ સૂચવે છે કે પરિસ્થિતિ આપણે માની લીધી હતી એટલી નિયંત્રણમાં નહોતી. સરકારને કંઈ કરફ્યુ નાખવાનો કે રાત્રીબજારો બંધ કરવાનો શોખ નથી થતો. ઊલટાના અગાઉથી સરકારને રથયાત્રા કે અન્ય પ્રસંગોએ નિયંત્રણો મૂકવાં પડતાં હતા અને કોમી રમખાણો વખતે કરફ્યુ નાખવો પડતો હતો - એની સામે મોદીયુગમાં તો કરફ્યુ આ કોરોના જ લઈ આવ્યો છે, એમ કહી શકાય. કરફ્યુ વિહોણા શાસન બદલ જ ભારતીય જનતા પાર્ટીને શહેરો હૈયાવગી ગણતાં રહ્યા અને કોંગ્રેસ વરસોવરસ ભૂંસાતી ચાલી. કોરોનાના પડકાર સામે પણ મોદીમંત્રો જ ખપ લાગશે - એમ માની લેવાની જરૂર નથી. એકવીસમી સદીના પ્રારંભિક લોકડાઉન પૂરતાં એમના દીવા પ્રગટ્યા, તાળીઓ અને થાળીઓ વાગી પરંતુ કોરોનાને 'ભાગ, કોરોના ભાગ!' કહેવાથી કોરોના થોડો ભગવાનો હતો? એને તો ઈંડિયા ગમી ગયું છે - વળી ઈંડિયામાં પણ ગુજરાતમાં 'કુછ દિન' નહીં, વરસો વીતાવવાનું મન થાય એવું આતિથ્ય સાંપડ્યું છે કોરોનાને! દિવાળીની ખરીદી ટાણે કે મંદિરો, મસ્જિદો ખૂલતાંની સાથે ભગવાન, અલ્લાહની કૃપા મેળવવા કે પછી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પિકનિક માણવા અને સાબરમતીમાં મોદીનું જળવિમાન ઊતરતું જોવા ભીડ ન જામે તો આ ગુજરાત શાનું! દિલ્હીથી આવેલી તજજ્ઞ તબીબોની ટીમને અમદાવાદ સહિત અન્ય મોટા શહેરોમાં કોરોનાએ લીધેલા ઉપાડા પાછળ પ્રજાની આ ઘેલછા જ જવાબદારી લાગી છે. હવે જયારે મોતના આંકડા પણ ફટાફટ વધવા લાગ્યા છે ત્યારે અમદાવાદીઓનું થોડું શાણપણ આવ્યું હોય અને પોલીસના દંડા ખાવા કરતાં કે દંડ ભરવા કરતાં ઘરમાં ભરાઈ રહેવું સારું - એટલું સમજાયું હોય તો એ ઊજળા ભવિષ્યની નિશાની જ ગણાય. બાકી હવે તો નેતાઓ પાસે વેકસીન સિવાય બીજો કોઈ મંત્ર બચ્યો નથી. વડાપ્રધાન વારંવાર 'વહેલી તકે' વેકસીન ઉપલબ્ધ કરાવી દેવાનું આશ્વાસન આપે છે. લોકોને પણ એટલી તો ખબર પડે છે કે એ કહે છે એવું થશે - એમ માની લેવામાં જોખમ છે. કોરોનાનો જીવલેણ 'હુમલો' છે, જેમાંથી નેતાઓ તો હાઈ-ફાઈ હોસ્પિટલોમાં સારવાર લઈને બચી શકશે, પણ પેલા છેવાડાના માનવીનું શું? એના માટે ખાનગી હોસ્પિટલોની સારવાર તો સ્વપ્ન સમાન છે. ત્યારે સરકારી તંત્રે સરકારી હોસ્પિટલોની સારવાર વધુ સુસજ્જ અને પરિણામદાયક બનાવવાની તક ઝડપી લેવાની જરૂર છે. શા માટે મોટા નેતાઓ હાઈ-ફાઈ હોસ્પિટલોમાં જ દાખલ થાય છે? સિવિલ હોસ્પિટલોની મથરાવટી મેલી કેમ રહેવા પામી છે? આ બધા પ્રશ્નો પણ વિચારવા જેવા છે. કહેવા ખાતર તો મુકેશ અંબાણી પણ પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના આભાસી દિક્ષાંકત સમારોહમાં ભારત અનેક પડકારો ઝીલી અડીખમ રહેવાનું કૌવત ધરાવતો દેશ છે. એટલે આ મહામારીને પણ મારી હટાવશે એમ કહી શકે છે. જી-૨૦ની રિયાદ શિખર પરિષદમાં વડાપ્રધાન મોદી પણ વિકાસના અને સહકારના મંત્રો ફૂકી શકે છે, પરંતુ 'ગ્રાઉન્ટ રિયાલિટી' એ છે કે કોરોના ઘર ભાળી ગયો છે એને હટાવવાનાં અત્યાર સુધીનાં બધાં પગલાં ઊણાં ઊતર્યાં છે. વળી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડા ટેડ્રોસે આપેલી ચેતવણી પણ નજર અંદાજ કરવા જેવી નથી : બેકટેરિયા અને વાઈરસ ધીરે ધીરે 'રેઝિસ્ટંટ' થતાં જાય છે - એમને મારવા માટેની દવાઓથી ટેવાઈ જાય છે!

# કેટલાક નિરર્થક ઉદગારો - સવાલો...



**સહેજ મલકીએ!**
**અનંત પટેલ**

- જાહેર રજાના કારણે બેંક બંધ હોય, દરવાજે તાળુ મારેલ હોય તો ય બેંક આગળ આવી બાઈક ઉભુ રાખી એક યુવતી પૂછે છે, 'આજે કેમ બેંક બંધ છે ?' પછી કોઈ જવાબ આપે કે આજે તો રજા છે તો એ મોંઢુ બગાડીને પાછી વળે...
- કોઈપણ વ્યક્તિ કશુંક કામ કરતી હોય, આપણે એ જોતા હોઈએ તો ય પાછા પૂછીએ, 'કેમ કાકા શું કરો છો ?'
- મહેમાન આવે ત્યારે આવો કહી સ્વાગત કરીએ પણ પછી એ ઝટ વિદાય લે એવું વિચારીએ અને એ ખરેખર વિદાય લે ત્યારે પાછા કહીએ કે બસ ત્યારે આવજો હોં... છે ને ના સમજાય એવું..!
- બોલે એનાં બોર વેચાય એવું કહેનાર પાછા એમને ના બોલવું હોય તો કહી દે કે ન બોલ્યામાં નવ ગુણ...
- આ સરકાર શું કરવા ધારે છે કંઈ હમજાતું જ નથી... રોજ રોજ નવા નવા કાયદા ને નિયમો બહાર પાડે જ જાય છે.
- બોલાં અમને તો ખબર જ હતી કે આ ગઠબંધનની સરકાર ઝાઝું નથી જ ચાલવાની, જૂઓ મેં કહેલું હાચુ પડ્યુ કે નહિ ?
- મદિરે બેઠેલી કે તમારે ઘેર ભીખ માગવા આવેલી ભિખારણ એક રૂપિયાના બદલામાં 'તમારા ભંડાર ભરેલા રહેશે...' 'તમારી લીલી વાડી કાયમ લીલી રહેશે..'એવી દુવા દરેકને આપતી જ રહે છે... એ પોતાનું દારિદ્ર દૂર ના કરી. શકે પણ તમને તો મોટા આશીર્વાદ આપે...લ્યો કરો વાત
- દરેક સ્ત્રી વહુ હોય ત્યારે એને સાસુમાં ખામી દેખાય ને એ જ્યારે સાસુ બને ત્યારે એને વહુમાં ખામી દેખાય...બોલો આ એક એવું દૂષણ છે જે ધરતીના પ્રલય સુધી અસ્તિત્વમાં રહેશે...કેમ ખરુને ??
- સ્મશાનમાં કોઈની અંતિમ યાત્રામાં ગયેલા લોકો સ્મશાનમાં બેઠા હોય એટલી વાર કેટલી જ્ઞાન અને મહાજ્ઞાનની તેમ જ સન્યાસની વાતો કરે છે...!
- મફતમાં મેળવેલ વસ્તુનાં લગભગ દરેક ગૃહિણિ ગુણગાન ગાતી જ હોય છે.....
- કોઈ નિયમિત રીતે સાંજે મંદિરે કે બગીચે બેસવા આવે તો લોકો એવું ય વિચારે છે કે જૂઓ નવરા પડ્યા કે આવી ગયા ગામની પંચાત કૂટવા....(પણ લ્યા એમાં તું એમની પંચાત કરવા કેમ બેઠો ??) --- મંદિરમાં કોઈ સુખી સંપન્ન બહેન રોજ ખોળો પાથરીને ભગવાનની વંદન કરતી જોઈને કોઈ એવું ય વિચારનારા હોય છે કે આ બહેનને કાંઈ વાતની તકલીફ નથી તો ય જૂઓ રોજ મંદિરમાં ખોળો પાથર્યા જ કરે છે... (અલ્યા પણ એમાં તને શું તકલીફ છે એ તો બોલ !)
- પોતે કોઈને ક્યારેય ફોન ના કરે ને કોઈનો ફોન આવે તો વાત પૂરી થયા પછી પત્નીને કહે કે જો ફલાણા ભાઈ કેવા છે, કામ હોય તો જ ફોન કરે છે..(અલ્યા પણ ભઈ તું ય ક્યા દા'ડે એમને ફોન કરે છે એ તો વિચાર ! )
- કોઈ ક્યારેક હસીને બોલે કે વાત કરવાની કોશિશ કરે તો કેટલાક લોકોને અમાં ય શંકા થતી હોય છે કે કોઈ દિવસ નહિ ને આજે એ કેમ હસ્યા ? નક્કી કંઈ જરૂર પડી છે અથવા નજીકના ભવિષ્યમાં પડવાની લાગે છે.....
- જૂઓ ભાઈ ઉપરનાં બધાં અવલોકનો અમે તો તમને સહેજ મલકાવવા માટે જ રજુ કર્યાં છે, બાકી એમ તો અમે ય કંઈ બહુ નવરા નથી હોં...! (તમે પાછા આ બૈલ મુજે માર જેવું અમારા માટે ના ધારતા....!)

મો.૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

# સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી...



**વોટ્સએપ ઓફ ધી વીક — WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

**વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી. ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી. સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી.**
**- લિન યુટાંગ**

સાહિત્યનું કામ એ છે કે જયારે સમય અને સંજોગો પ્રતિકૂળ હોય ત્યારે વ્યક્તિનું શું કરવું, કેમ કરવું એ અંગે રાહ ચીંધવું. દીવાદાંડી સમાન દિશાસૂચકનું કામ એક સારો સાહિત્યકાર કરે છે. અત્યારે સમગ્ર વિશ્વ અને આપણો દેશ ભારત, આપણું ગુજરાત, આપણું શહેર જે તનાવપૂર્ણ માહોલમાં ભયના ઓથાર હેઠળ છે ત્યારે સકારાત્મક અને સારી બાબતો પ્રસરાવવાની જરૂર છે. ફાધર વાલેસ કે જેઓ હમણાં થોડા દિવસ પૂર્વે જ આપણી વચ્ચેથી વિદાય લઈ ચૂક્યાં છે તેઓ પોતાના લેખ લખાણ દ્વારા આજે પણ આપણને સકારાત્મક અભિગમ સાથે જીવવાની રાહ ચીંધી રહ્યા છે :

હમણાં બેએક કલાક પહેલાં ઊઠ્યા, નાહી-ધોઈને તૈયાર થયા, ચા પીધી, છાપું વાંચ્યું, ભગવાનને યાદ કર્યા; મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે કોઈ સાર કામ થાય અને કોઈ પુણ્ય મળે. પછી દિવસમાં ઝંપલાવવા તૈયાર થયા, અને એમાં પ્રશ્ન થયો: આજનો દિવસ કેવો જશે? કેવો જાય તો મને સંતોષ થાય, આનંદ રહે, કૃતકૃત્યતા લાગે ?





કેટલાક લોકો એવી પ્રતિજ્ઞા લે છે કે રોજ કોઈ એક સુકૃત્ય કરવું, જેથી કંઈ નહીં તો એટલું સારું સ્મરણ દિવસમાં રહે અને એક શુભ કાર્યના પુણ્યથી આખો દિવસ સારો ગયો એમ કહી શકાય. દિવસ ગમે તેવો ગયો હોય. પણ તેને માથે એ એક સુકૃત્યનો ચાંલ્લો આવ્યો એટલે આખો દિવસ પવિત્ર બન્યો.

એ ભાતના છે અને ભાવના સુંદર છે. પણ આજે મારો વિચાર કંઈક જુદો છે. સુકૃત્યો તો જરૂર કરીએ; પરંતુ જાણે દિવસને મામૂલી બનતો અટકાવવા માટે નહીં. એકાદ સુકૃત્યથી નમાલા દિવસ ઉપર ઓપ ચડાવવાનો સવાલ નથી. આખો દિવસ પવિત્ર જોઈએ – પછી ચાંલ્લો કરીશું, પછી પવિત્ર મંદિર ઉપર કળશ ચડાવીશું.

એટલે કે આખો યે દિવસ પવિત્ર છે જ. એ મામૂલી, સામાન્ય દિવસ પવિત્ર છે. એ કેવી રીતે ? મંદિરના પથ્થરો પવિત્ર છે, એ રીતે. એ તો પથ્થર જ છે – પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરી રહ્યા છે, પોતાનો પથ્થર-ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે. શરીરનાં અંગો પવિત્ર છે, એ રીતે પણ. એ તો હાથ-પગ છે, હાડમાંસ છે, ગંદાં-મેલાં થાય; પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરે છે, પોતાનો ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે.

ચાંલ્લો આવે તે પહેલાં, કળશ આવે તે પહેલાં જ, દેહ પવિત્ર છે, મંદિર પવિત્ર છે – અને દિવસ પણ પવિત્ર છે. એનાં બધાં કૃત્યો – ઊઠવાનું ને બેસવાનું, ઊંઘવાનું ને જાગવાનું, ઓફિસનું કામ ને ઘરના પ્રસંગો ને મિત્રોની મુલાકાતો – બધાંનું સ્થાન છે, બધાંનું કામ છે, બધાંનો ધર્મ છે અને તેથી એ બધાંથી બનેલો આખો દિવસ પવિત્ર છે. તે કોઈ વિશિષ્ટ કૃત્યની જરૂર નથી, કોઈ સોનાની ઈંટની જરૂર નથી; હોય તો સારું છે, પણ એ ન હોય તોય દિવસને મંગળ કહીશું. દરેક કાર્ય હોવું જોઈએ તેવું હોય, એટલું જ જરૂરી છે. ખાવાનું તો ખાવાનું અને વાંચવાનું તો વાંચવાનું. વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય, આનંદથી થાય. દરેકમાં ધ્યાન અને દરેકથી સંતોષ. એ રીતે સારો દિવસ થાય. એ રીતે સારું જીવન જિવાય. આજનો દિવસ એવો જીવીએ !

**- ફાધર વાલેસ**

- nehalgadhavi101@gmail.com


# મામલતદાર કોર્ટ એક્ટ, ૧૯૦૬ની સમજૂતી



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

અગાઉનો મામલતદાર કોર્ટ એક્ટ, ૧૮૭૬ રદ કરીને મામલતદાર કોર્ટ એક્ટ, ૧૯૦૬ સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગૂ પાડવામાં આવ્યો છે. આ અધિનિયમથી મામલતદારને કોર્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ કાયદાની કલમ-૫ મુજબ મામલતદાર કોર્ટને અમર્યાદ સત્તા આપવામાં આવેલી છે.

મામલતદાર કોર્ટ એક્ટ કલમ-૫(૧) મુજબ સીમાંકિત કરેલ નદીમાં વહેતા કુદરતી જળપ્રવાહમાં અથવા ખેતી, ચરાઈ વૃક્ષો, અથવા પાક માટે વપરાતી કોઈ પણ જમીન, ખેતીની જમીનમાંથી કુદરતી રીતે નીકળતા અથવા તેના ઉપર પડતા પાણીની સપાટીમાં કાયદાના યોગ્ય અધિકારથી કરવામાં આવ્યા ન હોય તેવા અવરોધો દૂર કરવાની કે કરાવવાની અથવા તે હેતુઓ માટે વપરાતી જમીનને અથવા તેની ઉપર આવેલા ચરાઈ વૃક્ષ કે પાકને નુકશાન થાય અથવા થવાનો સંભવ હોય તો તેવી લગોલગની જમીનો ઉપર અવરોધ દૂર કરવાની કે કરાવવાની મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૧) મુજબ સત્તા અને અધિકાર આપવામાં આવ્યો છે.





આ એક્ટમાં કલમ-૫(૨) મુજબ કલમ-૫(૧) વ્યાખ્યાયિત કરેલા કૃત્ય બદલ મામલતદારે આવું કૃત્ય કે અવરોધ કરવાનો કે તેમ કરવાનો પ્રયત્ન નહી કરવાનો ફરમાવવાનો મનાઈ હુકમ કાઢવાની મામલતદારને સત્તા છે.

કલમ-૫(૩) મુજબ કલમ-૫(૧) વ્યાખ્યાયિત કરેલ કૃત્ય બદલ મામલતદારને આવુ કૃત્ય કે અવરોધ કરવાનો કે તેમ કરવાનો પ્રયત્ન નહી કરવાનું ફરમાવવાનો મનાઈ હુકમ આપવાની સત્તા છે.

કલમ-૫(૩) મુજબ આ કાયદાની કલમ-૫(૧) થી કરેલ કોઈ કૃત્યથી અસર પામેલ વ્યક્તિને દાવો માંડવાનો હક્ક છે, પરંતુ આવો દાવો કારણ ઉપસ્થિત થયાના ૬(છ) માસની અંદર જ દાખલ કરવો જોઈએ. ત્યારબાદ આવો દાવો દાખલ કરવામાં આવશે નહી.

કલમ-૫(૪) મુજબ જે તારીખે અવરોધ કરવાનું શરૂં કર્યુ હોય અથવા અડચણ ઉભી કરવાની શરૂઆત થઈ હોય તે તારીખે દાવાનું કારણ ઉત્પન્ન થયેલું ગણાશે.

મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૧૮(૧) મુજબ કોઈ સગીરને સ્વાભાવીક વાલી અથવા યોગ્ય રીતે નિમાયેલા વાલી હોય તો દાવો માંડી શકે છે.

કેટલીક વખત વારંવાર સમન્સ મોકલવા છતા પ્રતિવાદીઓ હાજર રહેતા ન હોય તો મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૧૬(૨) મુજબ મામલતદાર પોતે નોટીસ બજ્યાની ખાતરી કરી પ્રતિવાદી હાજર રહી શકે તેવા પૂરતા અને વ્યાજબી કારણોની ખાતરી કર્યા બાદ એકપક્ષીય રીતે દાવા અરજી સાંભળી તેનો નિકાલ કરી શકે છે અને આવી દાવા અરજીનો નિકાલ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈપણ પક્ષકાર જે હાજર રહી ન શકવાના કારણોની ખાતરી કરાવે તો તે બાબતે પૂરાવા રજૂ કરે તો કેસ ફરીથી સાંભળી શકે છે.

ચાલે દાવા દરમિયાન મામલતદારને જરૂરી લાગે તેવા પક્ષકારોને પોતે વાદી કે પ્રતિવાદી તરીકે કલમ-૧૮(૨) અનુસંધાને તે કેસમાં પક્ષકાર તરીકે ઉમેરી શકે છે.

આ અધિનિયમની કલમ-૧૯(૨) મુજબ મામલતદાર પોતાને યોગ્ય લાગે તો જાતે પણ રૂબરૂ જઈને તકરારી મિલકતની મુલાકાત કરીને પક્ષકારોને રૂબરૂમાં તપાસી શકે છે.

આ અધિનિયમ મુજબ દાવો દાખલ કરનાર ખેડૂતોએ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે મામલતદાર કોર્ટમાં દાવા અરજમાં વાદીનું નામ, સરનામું, ઉંમર, ધર્મ, જ્ઞાતિ, ધંધો, વિગેરે માહિતી આપવાની રહે છે. તેમજ સામાવાળા પ્રતિવાદીની પણ આટલી જ માહિતી દાવા અરજમાં લખવાની રહે છે. તેમજ કેટલું અવરોધ ક્યાં ? કઈ જગ્યાએ ? કોના દ્વારા કરવામાં આવ્યું છે તેની સ્પષ્ટ દિશા સહિત વિગતો દાવા અરજમાં લખવાની રહે છે. જે તારીખે કારણ ઉપસ્થિત થયું હોય તેની વિગત, દાવા અરજીની તારીખે સ્થળસ્થિતિનું વર્ણન કરવું જોઈએ.

વાદી કયા પૂરાવા ઉપર આધાર રાખે છે તથા સાક્ષીની વિગતોનું લીસ્ટ જોડવું જોઈએ અગર તો આજુબાજુના ખેડૂતોના સોગંદનામાં પોતાની તરફેણમાં જોડવા જોઈએ.

આ અધિનિયમની કલમ-૮ મુજબ નિયત નમૂનામાં મામલતદારને અરજીના મળી હોય પરંતુ દાવાનો વિષય કલમ-૫ મુજબ હોય તો અરજદારને મળતી દાદ વિશે સમજાવી તેની ઈચ્છાની અરજી પર નોંધ કરવાની તેમજ આવી અરજી દાવા અરજી તરીકે સ્વીકારવાની સૂચના અધિનિયમની કલમ-૯ મુજબ સોગંદ ઉપર અરજદારની જુબાની લઈને કેસ દાખલ કરી મામલતદાર પૂરાવા રજુ કરવા માટે મુદત આપી શકે છે.

કેટલીક વખત કેસોના ભરાવો તથા રાજકીય કારણસર મામલતદાર કોર્ટ ચાલતી નથી, અગર તો અરજી નામંજૂર કરતા હોય તો કયા કારણસર અરજી નામંજૂર કરેલ હોય તો તેની વિગતો અને કારણોસર હુકમ આપવો જોઈએ તથા હુકમથી નારાજ હોય તો પક્ષકાર કયા અને કેટલા સમયમાં અપીલ ગુજારી શકે છે તેની વિગતો પણ હુકમમાં જણાવવી જોઈએ. જો મિલકતનો કબજો વાદીને સુપ્રત કરવાનો હોય તો કલમ-૨૧(૧) મુજબ મામલતદાર પોલીસ પ્રોટેકશન હેઠળ પણ દાવાવાળી મિલકતનો કબજો વાદીને સોંપી શકે છે અને વિવાદનો અંત લાવી શકે છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in